હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

લો બા, આજના દિવસે તમારા માટે સ્પે. દુધ...!!!

ખેતરમાં બોરકુવાના કેબલ વાયર ચોરી કરતા બે શખ્સો ઝડપાયા

કલોલ, માણસા અને પેથાપુર વિસ્તારના ૯ કેબલ ચોરીના ભેદ ઉકેલાયા, એલસીબી પોલીસે કેબલ વાયર,મોબાઈલ અને બાઈક મળી કુલ રૂ.૭૪ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર,તા.૧૬

કલોલ, માણસા, અને પેથાપુર વિસ્તારમાંથી રાત્રીના સમયે પોતાના મોટર સાયકલ પાછળ લારી લગાવી બોરકુવા પરથી કેબલ વાયરની ચોરી કરનાર બે શખ્સોને એલસીબી પોલીસે દબોચી લીધા છે. પોલીસે આ શખ્સો પાસેથી ૬૫ કિલો કેબલ વાયર, કિં.૩૯ હજાર, મોબાઈલ ફોન-૧ કિં.૧૦ હજાર તેમજ બાઈક કિં.૨૫ હજાર મળી કુલ રૂ. ૭૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કેબલ વાયર ચોરીના કુલ-૯ ગુનાનો ભેદ એલસીબી-૧ પોલીસે ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં કેબલ વાયર ચોરીના ગુનાઓને અટકાવવા માટે અને ગુના આચરતા શખ્સોને પકડવા માટે રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા સુચના અન્વયે એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ અને જવાનો પેટ્રોલીંગમાં હતા.

તે સમયે તુષારભાઈ શંકરભાઈ પટેલ તેમજ રાહુલકુમાર ઉર્ફે તપન નિતીનકુમાર દવે (બંને રહે ગોજારીયા) માણસા અને કલોલ વિસ્તારમાં રાત્રીના સમયે બોરકુવા પરથી કેબલ વાયરની ચોરીમાં શકમંદ છે. હાલમાં તેઓ ઔડા ચોકડી પાસે એક ગ્રે કલરનું સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૦૨.ડી.એલ.-૪૦૨૫ નું લઈને આવનાર છે. જેથી પોલીસે વોચ ગોઠવી બાતમીવાળા બાઈક સાથે તુષાર શંકરભાઈ પટેલ (રહે. ૪૩, શ્યામવિલા બંગ્લોઝ ચરાડુ રોડ ગોજારીયા), રાહુલકુમાર ઉર્ફે તપન નિતિનકુમાર દવે (રહે. રાવલ સ્ટ્રીટ ગરબી ચોક વાંટામાં ગોજારીયા) પકડી પાડ્યા હતા. તેઓની પ્રાથમિક પુછપરછ બાદ એલસીબી કચેરી બોલાવી ઉંડાણપૂર્વક પુછપરછ હાથ ધરી હતી. તેઓએ છેલ્લા એકાદ વર્ષમાં કલોલ તાલુકા, માણસા તાલુકા, તેમજ પેથાપુર વિસ્તારમાં રાત્રીના સમયે ૯ જેટલા વિવિધ બોરકુવા પરથી કેબલ વાયરની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

જયારે ચોરી કરેલો કેબલ વાયર અંગે તુષાર પટેલને પુછતા અમુક મુદ્દામાલ તેણે રસ્તામાં જતા આવતા ભંગારની લારીવાળાને અવાર-નવાર આપી દીધો હતો. જયારે બાકી રહેલો વાયર કલોલ-માણસા રોડ પર નારદીપુરથી સોઝા તરફ જતા ભમ્મરીયા વડ નજીક આવેલા ગરનાળા નીચે સંતાડી રાખ્યો હોવાનું જણાવ્યું હતું. એલસીબી ટીમે તે સ્થળ પરથી કેબલ વાયર કબ્જે કર્યો છે.

કેબલ વાયર કોપરનું હોવાથી તેનુ વજન ૬૫ કિ.ગ્રામ. જેની કિં. ૩૯ હજાર ની તેમજ તેમની પાસેથી મળી આવેલ બે મોબાઈલ ફોન કિં. રૂ.૧૦ હજાર તેમજ બાઈક કિં.૨૫ હજાર મળી કુલ રૂ.૭૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ૯ કેબલ વાયર ચોરીનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી નાંખી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. જયારે પોલીસે પકડવાના આરોપીમાં નિલ ભુપેન્દ્રભાઈ મિસ્ત્રી (રહે.ગોજારીયા વાણીયાવાસ), અજય અશોક વાઘરી (રહે. નોરીયા વાસ ગોજારીયા), અને નરોત્તમ ભીખાભાઈ વાઘરી (રહે. ચેતના હોટલ પાછળ દંતાણી વાસ દહેગામ)નો સમાવેશ થાય છે.

ખૂણેખાંચરેથી

● આજે જિલ્લાના અધિકારીઓ બેઠકોના દોર પછી સ્ટ્રેસ મેનેજમેન્ટ અંગેના પાઠ શીખ્યા હતા.

● નીલ ગાય પહેલા રોડ પર પછી સેક્ટરોમાં દેખાતી હતી હવે સર્કલો પર ચડી અને આરામથી ચરતી દેખાય છે.

● ગાંધીનગર જિલ્લામાં ખંડીય વૃષ્ટિને લઈ હજુ ઘણા ગામોમાં જમીન કોરી હોવાની ફરિયાદો ખેડૂતો કરી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ પ્રમાણમાં ઓછુ જણાયુ હતુ.

● જિલ્લામાં છુટી છવાઈ જગ્યાએ ૧૯મી જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદનું હવામાન પૂર્વાનુમાન છે.

● મુખ્યમંત્રીના જન્મ દિવસની ઉજવણીને લઈ વરદાયિની માતાએ નવચંડી યજ્ઞ યોજાયો હતો.

● ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા સે. ૩ ખાતે તાજેતરમાં ગુરૂવંદના કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

● સરકારી પ્રા. શાળાઓમાં ટાઈમ ટેબલ હજુ બન્યુ ન હોવાથી બાળકોને દફતરનો ભાર ઉંચકીને શાળાએ જવુ પડી રહ્યુ છે.

● કોબાની શાળામાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● એલ.આર.ડી.ની ભરતી માટેનું વેઈટીંગ લીસ્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

ભીલપ્રદેશ મુક્તિ મોર્ચા દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું

ભીલપ્રદેશ મુક્તિ મોર્ચાના નેજા હેઠળ ગાંધીનગરમાં રહેતા આદિવાસી યુવાઓ દ્વારા રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રીને સંબોધી જીલ્લા કલેકટર ગાંધીનગર મારફતે ચાર રાજ્ય ગુજરાત, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનના ૪૩ જીલ્લાઓ મળીને અલગ રાજ્ય "ભીલપ્રદેશ"ની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

અડાલજ હોટલ માલિકને સીઝરની ઓળખ આપી બે ઠગ હેરીયર ગાડી ઉઠાવી ગયા

ગાડીના હપ્તા બાકી હોવાથી હોટલ માલિક ઠગોની વાતમાં આવી ગયા, ગાડી સાથે સવા લાખની રોકડ પણ ગઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક અડાલજના હોટલ માલિકને પોતાની ઓળખ સીઝર તરીકે આપી વિશ્વાસ કેળવી બે ભેજાબાજ ઠગ રૂ.૧૮ લાખની મોંઘીદાટ હેરીયર ગાડી લઈ નાસી ગયા હતા. જો કે ગાડીના બે હપ્તા બાકી હોવાથી હોટલ માલિક ઠગોની વાતમાં આવી ગયા હતા. જયારે ગાડી લઈ ગઠીયાઓ જતા રહ્યા પછી અહેસાસ થયો કે ગાડીમાં રૂ.૧.૨૦ લાખ કેશ પડ્યા હતા. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજના રોયલ વૈભવ હોમ્સ ખાતે ભાડાના મકાનમાં રહેતા પ્રવિણ ચીમનલાલ બારોટ અડાલજ બીટ-૧ પાસે કાલીકૃપા હોટલ ચલાવે છે.

ગતરોજ બપોરના સુમારે તેઓ હોટલ પર હાજર હતા. તે સમયે બે શખ્સો હોટલ પર આવ્યા હતા. આ શખ્સોએ પોતની ઓળખ ગાડીઓ સીઝર કરવાવાળા તરીકે આપી હતી. જયારે કાઉન્ટર પડેલી ચાવી લઈને હેરીયર ગાડી લઈ મહેસાણા તરફ જતા રહ્યા હતા. પોતાની ગાડીના બે હપ્તા બાકી હોવાથી પ્રવિણ બારોટ પણ ઠગ વ્યકિતની વાતમાં આવી ગયો હતો. જો કે પાછળથી તેઓને જાણ થઈ કે ગાડીમાં રૂ.૧.૨૦ લાખની કેશ પડી હતી.

ગાડી અંગે બેંકમાં તપાસ કરતા જાણવા મળ્યું કે ગાડી સીઝ કરી હશે તો સાંજ સુધીમાં ગાડી અમારી ઈન્વેન્ટ્રીમાં આવી જશે. ગાડી છોડાવવી હોય તો લોનના હપ્તા ભરી જાઓ. જો કે મોડીસાંજ સુધી ગાડી ઈન્વેન્ટ્રીમાં પહોંચી ન હતી. આ અંગે પ્રવિણભાઈએ સીઝરની તપાસ કરાવતા માલુમ પડ્યું કે મહેસાણાના યુસુફ વસુલીના વ્યકિતઓ ગાડી લઈને ગયા છે. જે ગાડી રામપુરા રોડ પર નાગદેવ ગોડાઉનમાં હોવાનું જાણવા મળ્યું હતું. જેને પગલે બે ગઠીયાએ સીઝર તરીકેની ઓળખાણ આપી છેતરપિંડી આચરવામાં આવતા અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

લવારપુર ગામની સીમમાંથી ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬

શ્રાવણ માસ તો આવ્યો નથી તે પહેલા જ જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ લાગી રહ્યું છે. લવારપુર ગામની સીમમાં બાસણ તરફ જતા રોડની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૩ જુગારીને ડભોડા પોલીસે પકડી પાડી રૂ.૪૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના જવાનો વિપુલભાઈ નાથુભાઈ અને અજમેરસિંહ ભવાનસિંહ સહિત જવાનો પોલીસ મથકે હાજર હતા તે સમયે વિપુલભાઈને ખાનગી રાહે બામતી મળી હતી કે લવારપુર ગામની સીમ બાસણ ગામ તરફ જતા રોડની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. પોલીસે જઈ દરોડો પાડતા જુગારીઓએ દોડા દોડી કરી મુકી હતી. જો કે પોલીસે તમામને પકડી પાડ્યા હતા. જુગાર રમી રહેલા લવારપુર ગામના વચલાવાસમાં રહેતા સુરેશ અમરાજી ધુળાજી ઠાકોર, લવારપુર ગામે રહેતો કરણ રાકેશ રમણભાઈ પટેલ અને લવારપુર ગામે રહેતો નિકુલ બળવંતજી હેમજીજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૫૦૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૩૬૦૦ મળી કુલ રૂ.૪૧૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

'ગુરુપૂર્ણિમા ની ઉજવણી' દિવ્ય જીવન સંઘ

ગાંધીનગર શાખા દ્વારા તારીખ ૧૩/૭/૨૦૨૨ ના રોજ ગુરુપૂર્ણિમા મહોત્સવ શ્રી ગાયત્રી શક્તિપીઠ સેક્ટર ૧ ખાતે શાખાના યોગ ગ્રુપ દ્વારા ઉજવાયો. ગ્રુપના બહેનો દ્વારા સુંદર નૃત્ય સાથે ગુરુ વંદના તથા શિવ વંદના પ્રસ્તુત કરવામાં આવ્યું.

આ પ્રસંગે યોગ પ્રશિક્ષક શ્રી અશ્વિન દવે ની વેલનેસ અંગેની વેબસાઈટ નું લોન્ચિંગ કરવામાં આવ્યું. માનનીય શ્રી ગઢવી સાહેબ દ્વારા મનનીય પ્રવચન નો લાભ સભ્યશ્રીઓને મળ્યો. સેજલ મહેતા, નિકિતા શાહ,સૂચિ મહેતા, સુભદ્રાબેન ગઢવી, જ્યોતિબેન પટેલ, નીતાબેન,મીનાબેન, કુસુમબેન, મેઘા ભટ્ટ, બકુલભાઈ જાની, ભરત મહેતા,ભદ્રેશ કુકડીયા, તથા નટુભાઈ વિગેરે સભ્યો દ્વારા પ્રસંગને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

સરઢવ ગામની સીમમાં આવેલા ખેતરમાંથી ૨૦ મીટર કેબલની ચોરી

ગાંધીનગર, તા.૧૬

ભાદોલ ચોકડી પાસે સરઢવ ગામની સીમમાં બળદેવભાઈ શીવદાસ પટેલના ખેતરી ઓરડીનું તાળુ તોડી ૨૫ એમએમનો આશરે ૨૦ મીટર કેબલ કિં.રૂ.૧૦ હજારનો અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો છે. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાદોલ ખાતે રહેતા બળદેવભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને તેઓની જમીન ભાદોલ ચોકડી પાસે સરઢવ ગામની સીમમાં આવેલી છે. ગત તા.૧૦ જુલાઈના રોજ બળદેવભાઈ ખેતરમાં આવ્યા હતા અને સાંજના ૬ વાગે ટયુબવેલની ઓરડીને લોક મારી ઘરે ગયા હતા. જયારે બીજા દિવસે તા.૧૧ ના રોજ સવારે દશ વાગે ખેતરમાં જઈને જોયુ તો ખેતરની ઓરડીનું લોક તુટેલી હાલતમાં હતુ અને ઓરડી ખોલી અંદર જઈ તપાસ કરતા ઓરડીના અંદર ગુંચડુ વાળેલ વધારાનો કેબલ જે સ્ટાર્ટરથી લઈ ઓરડીના અંદરની પાઈપ થી ટયુબવેલ (બોર) માં જતો હતો. તે અંદાજીત ૨૦ મીટર કેબલ ૨૫ એમએમનો અંદાજીત કિં.૧૦ હજારનો વાયર ગાયબ હતો. ખેતર માલિકે આસપાસના વિસ્તારમાં તપાસ કરી શોધખોળ કરી હતી. પરંતુ આજદિન સુધી કેબલ નહી મળી આવતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

શહેરમાં એક બાદ એક અબોલ પશુઓ મુશ્કેલી માં મુકાઈ રહ્યા છેસેક્ટર ૩૦માં ગાય ખાડામાં ફસાઈ ગઈ હતું જે ખૂબ જહેમત ઉઠાવી ને રેસ્ક્યું કરવામાં આવી હતી. આ કામગીરી વખતે બચાવ કામગીરી માટે આવેલું વાહન પણ ફસાઈ ગયું હતું.આગાઉ પણ આવી જ ઘટના બની હતી જેમાં સેક્ટર-૨૬ ખાતે વાછરડું ફસાઈ જતાં રેસ્ક્યું કરાયું હતું.

સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગની સામેથી બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર સિવિલ હોસિપટલ બાઈક ચોર શખ્સો માટે મોકળ મેદાન બની ગયું છે. કેમ્પસમાંથી આંતરે દિવસે વાહનચોરી થાય છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ બાઈક ચોર સિફતપૂર્વક બાઈક ચોરીને અંજામ આપી પલાયન થઈ જાય છે. ત્યારે સિવિલના તાત્કાલીક વિભાગની સામે ગાર્ડન પાસેથી હીરો હોન્ડા એચએફ ડીલક્ષ બાઈકની ચોરી થવા પામી છે. યુવકે બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. મળતી વિગત મુજબ સરસપુર અમદાવાદ ખાતે રહેતો શંભુભાઈ છોટેલાલ કનોઝીયા (ઉં.૩૯) સેકટર-૨૬ ગ્રીનસીટી ખાતે કપડા ઈસ્ત્રી કરવાનું કામ કરે છે. સવારે ૮ થી રાત્રીના ૮ વાગ્યા સુધી તે કપડાને ઈસ્ત્રી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે અમદાવાદ થી ગાંધીનગર આવન જાવન માટે શંભુભાઈ જી.જે.૦૧.એસ.જે.-૭૨૬૨ નો ઉપયોગ કરતો હતો.જયારે ગત તા.૧૪ જુલાઈના રોજ શંભુભાઈને તાવની અસર હોવાથી સારવાર માટે ગાંધીનગર સિવિલ આવ્યા હતા. તાત્કાલીક વિભાગની સામે ગાર્ડન પાસે સવારે ૧૧ કલાકે પાર્કિંગમાં બાઈક પાર્ક કર્યું હતું. ત્યારબાદ સિવિલમાં સારવાર અર્થે ગયા હતા, જયારે દવા લઈને બપોરે ૨ કલાકને પરત આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. તે જગ્યાએ બીજા ડીલક્ષ બાઈક હોવાથી ભુલથી કોઈ લઈ ગયું હશે તેમ માની રાહ જોઈ હતી. પોતાની રીતે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી.પરંતુ તેમ છતા બાઈક મળી ન આવતા આખરે સેકટર-૭ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ માં 'એડવર્ટાઈઝમેન્ટ મેકિંગ' કોમ્પિટિશન યોજવામાં આવી

ગાંધીનગર, તા.૧૬

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ના બાળકો દ્વારા આ એડવર્ટાઈઝમેન્ટ મેકિંગ કોમ્પિટિશન માં વિવિધ પ્રકારની બ્રાન્ડ્સ ની જાહેરાતો રજૂ કરી હતી. કોઈપણ ચીજ વસ્તુઓની કે બ્રાન્ડની માર્કેટિંગ સ્ટ્રેટેજી તથા તેની થીમને અનુરૂપ ખુબ સુંદર રીતે રજૂઆત કરવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓને ભાગ લેવાની તક મળે તે રીતે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એડવર્ટાઈઝમેન્ટ મેકિંગ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય જાહેરાત અને ડિજિટલ માર્કેટિંગ ક્ષેત્રે બાળકોની સર્જનાત્મકતા માં વધારો થાય તે હતો. દરેક બાળકોએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જીઆઈએલ કંપનીનું કરોડોનું ફુલેકુ ફેરવનાર રૂચી ભાવસારના ત્રણ દિવસના રીમાન્ડ મંજુર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સ્થિત જીઆઈએલ કંપનીમાં કરોડો રૂપીયાનું કૌંભાડ આચરનાર ૫ કર્મચારીઓ સામે ફરીયાદ નોંધાઈ હતી. ત્યારે એક પછી એક કર્મચારીઓ પોલીસના સકંજામાં આવી રહ્યા છે. ત્યારે સમગ્ર કૌંભાડના મુખ્ય સુત્રધાર રૂચી ભાવસારને પોલીસે ઝડપી લીધા બાદ શનિવારના રોજ કોર્ટમાં રિમાન્ડ માટે રજુ કરવામાં આવતા પોલીસે ૧૪ દિવસના રીમાન્ડ માંગ્યા હતા. જયારે કોર્ટ દ્વારા માત્ર ૩ દિવસ રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે. જયારે તપાસ દરમિયાન રૂચી ભાવસારના બેંકના સંદિગ્ધ વ્યવહાર પણ સામે આવ્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૦ ખાતે આવેલી જીઆઈએલ કંપનીમાં રૂ.૭ કરોડના ફુલેકા અંગે ફરીયાદ નોંધાઈ હતી. પરંતુ આ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા રૂ.૩૦ કરોડનું ફુલેકુ ભેજાબાજોએ ફેરવ્યું છે.ત્યારે આ મામલે શુકવારના રોજ વિકાંત કંસારાને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટ દ્વારા ૩ દીવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા. ત્યારે આજે સમગ્ર કૌંભાડની માસ્ટર માઈન્ડ રુચી ભાવસારને કોર્ટમાં રજુ કરવામાં આવી હતી. એલસીબી પીઆઈ જે.એચ.સિંઘવ દ્વારા રુચી ભાવસારના ૧૪ દિવસના રીમાન્ટ માંગ્યા હતા. પરંતુ કોર્ટ દ્વારા ૩ દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. ત્યારે આજે રુચીના પણ રીમાન્ડ મળતા આગામી સમયમાં આ પ્રકરણમાં મોટા ખુલાસા સામે આવી શકે છે.

સેક્ટર-૨૧ માઈક્રો શોપીંગ સેન્ટરની સામે કચરાપેટી તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. કચરાપેટી તુટેલી હોવાથી કચરો આસપાસ પડેલો જોવા મળે છે. ખુલ્લામાં કચરો પડેલો હોવાથી જીવજંતુઓનો ઉપદ્રવ થઈ રહ્યો છે.

મધર્સ પ્રાઈડ સ્કુલ લેકાવાડા ખાતે ગુરૂપુર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

મધર્સ પ્રાઈડ સ્કુલ લેકાવાડા ખાતે ગુરૂપુર્ણિમા નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ શિક્ષક ગુરૂનું પૂજન કરીને આશીર્વાદ લીધા હતા આ પ્રસંગે ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ ખાસ હાજર રહયા હતા અને બાળકોને ગુરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું. મધર્સ પ્રાઈડ સ્કુલના પ્રિન્સિપાલ વૈશાલીબેન બેલાની, ઝીલ પટેલ, રિચા દિક્ષિત તેમજ સલોનીબેન પટેલ દ્વારા ગુરૂપૂર્ણિમા પર્વને યાદગાર બનાવવામાં ખુબ જ જહેમત ઉજાવવામાં આવી હતી. સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર નિલેશભાઈ પટેલે બધા જ બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ ડિજીટલ ઈન્ડિયા મહાત્મા મંદિર ખાતે પ્રદર્શન નિહાળ્યુ

ગાંધીનગર, તા. ૧૬

મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે વડાપ્રધાનના વરદહસ્તે ડિજીટલ ઈન્ડિયા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી તેમાં એ.ના.એ.સ.એ.સ.ની વિદ્યાર્થીનીઓએ આજની આધુનિક ટેકનોલોજી વિશે માહિતી મેળવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. ચૌધરી દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ.ના પોગ્રામ ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરી દ્વારા કરવામાં આવેલ હતુ. તેમાં મનિષાબેન ચૌધરી પણ હાજર રહ્યા હતા. તેમાં કુલ ૪૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં અંગ્રેજી નાટકની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં અંગ્રેજી નાટકની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી.

ધો.૭ની વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો.જેમાં ૧૭ વિદ્યાર્થીની બહેનોએ અંગ્રેજી વિષયમાં આવતા યુનિટ-૨ નું નાટક અંગ્રેજીમાં રજુ કર્યું હતું. જેનું સંચાલન પુષ્પાબેન તથા ડાભી ઘનશ્યામસિંહના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીની બહેનોને આચાર્ય નીરૂબેન પટેલે આશીર્વાદ પાઠવ્યા હતા.

રાહત અને બચાવની કામગીરી કરતા ફાયરબ્રિગેડને જ મદદની જરૂર પડી છે. સેક્ટર-૩૦માં વરસાદી પાણીના ખાડામાં ફાયરબ્રિગેડની ગાડી ફસાઈ જતાં માંડ માંડ તે બહાર નીકળી શકી હતી. અન્ય એક કાર પણ પાણી ભરેલા ખાડામાં ફસાયેલી જોવા મળી રહી છે.